# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર : –**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને તથા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધિકારીઓને જણાવવામાં આવે છે કે નોવેલ કોરોના વાઈરસ COVID-19 કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલ દેશમાં જે આરોગ્યને લગતી મહામારીની ગંભીર પરીસ્થિતી ઉભી થઈ છે તેની અસર ગુજરાત રાજયમાં પણ કેટલાક શહેરોમાં જોવા મળી છે. નોવેલ કોરોના વાઈરસ COVID-19 ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે માટે રાજ્ય સરકાર બનતા તમામ પ્રયાસો સાથે એક લડાઈ લડી રહી છે. દેશમા આવેલ આરોગ્યને લગતી મહામારીની ગંભીર પરીસ્થિતીમાં રાજય સરકારશ્રીને સહકાર આપવા હેતુથી **યુનિવર્સિટી ખાતે કાર્યરત તમામ કર્મચારીઓ દ્વારા પોતાનો એક દિવસનો પગાર મુખ્યમંત્રી રાહત ફંડમાં અનુદાન પેટે આપવાનો નિર્ણય કરેલ છે.**

વધુમાં યુનિવર્સિટી દ્વારા વધુમાં વધુ અનુદાન મુખ્યમંત્રી રાહત ફંડમાં આપી શકાય અને આ મહામારીની પરિસ્થિતિનો સામનો કરનારને મદદ પૂરી પડી શકાય તેવા નમ્ર પ્રયાસનાં ભાગરૂપે તમામ સંલગ્ન કોલેજોના સંચાલકશ્રીઓ /આચાર્યશ્રીઓ, પી.જી.સેન્ટરના વડાશ્રીઓને, તથા પ્રાધ્યાપકશ્રીઓ/કર્મચારીઓને મુખ્યમંત્રી રાહત ફંડમાં યુનિવર્સિટી માધ્યમથી અનુદાન કરવા અનુરોધ કરવામાં આવે છે. **જો આપ મુખ્યમંત્રી રાહત ફંડમાં અનુદાન આપવા ઈચ્છતા હોય તો આપ નીચે આપેલ યુનિવર્સિટીના ખાતામાં અનુદાનની રકમ RTGS/NEFT કે અન્ય ઓનલાઈન પેમેન્ટ સોર્સીસ (ગુગલ પે, પેટીએમ વગેરે..) ધ્વારા તા:૩૧/૦૩/૨૦૨૦ સુધીમાં જમા કરાવી શકો છો. યુનિવર્સિટી પરિવારના દરેક સભ્યોને માન.કુલપતિશ્રી અપીલ કરે છે કે આપ ઓછામાં ઓછા રૂ.૨૫૦૦/- અથવા એક દિવસનો પગાર અથવા તેથી વધારે કોઈપણ રકમ નીચે દર્શાવેલ ખાતામાં જમા કરાવી સેવાયજ્ઞમાં સહભાગી બનશો.** આપના દ્વારા અનુદાન પેટે જમા કરાવેલ રકમની વિગત **કુલસચિવશ્રીના મોબાઈલ નંબર: 9978446742** ઉપર Text Massage કે Whats App Massage ઉપર મોકલી આપવા વિનંતી. યુનિવર્સિટી કર્મચારીઓનો એક દિવસનો પગાર, સંચાલાકશ્રીઓ/આચાર્યશ્રીઓ/અધ્યાપકશ્રીઓ/ અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રી તથા અન્ય ધ્વારા એકત્રિત થયેલ અનુદાન મુખ્યમંત્રીશ્રી રાહત ફંડમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પરિવારનાં નામે જમા કરાવવામાં આવશે.

નોવેલ કોરોના વાઈરસ COVID-19 મહામારી સામે લડાઈ લડવામાં આપશ્રી રાષ્ટ્રભાવના કેળવશો અને તા:૩૧/૦૩/૨૦૨૦ સુધીમાં વધુમાં વધુ અનુદાન જમા કરાવશો તેવી નમ્ર અપીલ.

| | |
|---|---|
| Account Name: | **Registrar Bhakta Kavi Narsinh Mehta Uni. Own Fund** |
| Account Number: | **510331001265439** |
| IFSC Code: | **CORPøøø1178** (5th, 6th & 7th Character is Zero) |
| Bank Name **:** | **Corporation Bank** |

કા.કુલસચિવ

નં. : બીકેએનએમયુ/રજી./૧૮૬/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ. તા. ૨૬/૦૩/૨૦૨૦

**પ્રતિ,**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...